# પાલનપુરમાં એટીએમ મશીન પરથી મળેલા નાણાં પોલીસ સ્ટેશને જમા કરાવતા પાલનપુરીને સલામ



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર શહેરના સીટીલાઈટ રોડ પર આવેલ બેંકના એ.ટી.એમમાં નાણાં ઉપાડવા ભક્તોની લીમડી વિસ્તારમાં રહેતો પરવેઝ જિલાનીભાઈ સિન્ધી આવ્યો હતો જ્યાં બેંકના એ.ટી.એમ. મશીન પર પહેલેથી જ રૂ. ૬,૦૦૦ રોકડા અને તેની સાથે પાવતી મળી આવી હતી. ઈમાનદાર યુવાને પાવતીના આધારે આ નાણાં અંગે બેંક ઓફ ઈન્ડિયામાં સંપર્ક કરતા બેંક સત્તાવાળાઓએ આ રકમ નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા જણાવ્યું હતું. ત્યાંથી કાશીબા કોમ્પ્લેક્ષથી પરવેઝ સિન્ધી પૂર્વ શહેર પોલીસ સ્ટેશને પહોંચી સમગ્ર ઘટના વર્ણવી મળેલા રૂ. ૬ હજાર પાવતી સાથે પોલીસને સુપ્રત કરી મુળ માલિકને પહોંચાડવા જરૂરી કાર્યવાહી કરતા પૈસા માટે ગમે તે કરતા લોકોના વચ્ચે ઈમાનદારીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આ પરવેઝ પાલનપુરીએ આપ્યું છે. (હરેશ જી. જોષી)

## પેન્શનર્સ સમાજની બેઠક મળશે

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિની અધ્યક્ષતામાં યોજવામાં આવશે. તા. ૬ નવેમ્બર ગુરુવારે બપોરે ૪ વાગે સેકટર-૨૨ સ્વસ્તિક કોમ્પ્લેક્ષ ખાતે યોજવામાં આવનાર છે. બેઠકમાં સર્વે પદાધિકારીઓ અને સભ્યોને ઉપસ્થિત રહેવા મંત્રી ડી.પી. સંઘાણીએ જણાવ્યું છે.

## કુડાસણમાં આનંદનો ગરબો યોજાશે

સરગાસણ સ્થિત રાજધાની બંગ્લોઝ, વિભાગ-૩ કોમનપ્લોટમાં આનંદનો ગરબો તા. ૬ નવેમ્બર ગુરુવારે સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન યોજાશે. ગરબાનું આયોજન સુનિલકુમાર મદાન અને ભારતભૂષણ મદાનના પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે. ભાવિ ભકતોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# દેહ વિક્રયના નામે તોડ કરનારા નકલી સીબીઆઈ અધિકારી સહિત બાયડના આઠ ઝડપાયા

બાયડ, તા. ૪

નરોડાના પાવન ગેસ્ટ હાઉસમાં દેહ વિક્રયના ધંધાના નામે તોડ કરવા ગયેલા ત્રણ નકલી સીબીઆઈ અધિકારી સહિત ૮ આરોપીઓને ઝડપી લેવા નરોડા પોલીસે રવિવારે મોડી રાત્રે બાયડ પંથકમાં પણ છાપો માર્યો હતો. બાયડમાં રહેતા ભાઈએ પોતાની બે બહેનો સહિત આઠ સાગરીતો સાથે મળીને ટીમ બનાવી દેહ વિક્રયના નામે તોડ કરવાનો પ્લાન બનાવ્યો હતો. જો કે ગેસ્ટહાઉસના માલિકે તોડ કરતા સીબીઆઈ અધિકારી અંગે જાણ કરતા પોલીસે તમામ ૭ આરોપીઓની ધરપકડ કરી લીધી હતી. નરોડાના પાવન ગેસ્ટ હાઉસના મેનેજર નાથુભાઈ લાલજીભાઈ પટેલના જણાવ્યા અનુસાર, ૨૯ ઓક્ટોબરના રોજ બપોરે ૩ વાગે એક કપલ ગ્રાહક તરીકે ગેસ્ટહાઉસમાં રોકાયું હતું.

જ્યારે થોડા સમય બાદ ગેસ્ટ હાઉસમાં રોકાયેલા કપલને મળવા બીજુ કપલ આવ્યું હતું. ત્યાર બાદ જ ત્રણ વ્યક્તિઓ ગેસ્ટહાઉસમાં આવી પોતાની ઓળખ સીબીઆઈ અધિકારી તરીકે આપી ગેસ્ટહાઉસમાં દેહવિક્રયનો ધંધો ચાલતો હોવાની વાત કરી હતી. આ ત્રણેય સીબીઆઈ અધિકારીઓએ ગેસ્ટહાઉસમાં રોકાયેલા કપલ અને તેમને મળવા આવેલા કપલને દેહવિક્રયના દલાલ અને ગ્રાહક તરીકે ગણાવી તેમની ધરપકડ કરી ગેસ્ટહાઉસનું રેકર્ડ બુક અને ગલ્લામાં રહેલા ૩૫૦૦ રૂપિયા લઈ ગેસ્ટહાઉસને તાળુ મારી દીધુ હતુ.













(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

સીબીઆઈ અધિકારીઓએ ગેસ્ટહાઉસમાંથી પકડેલા બંને કપલોને બોલેરો કારમાં બેસાડી ગેસ્ટહાઉસના મેનેજર નાથુભાઈને નરોડા પોલીસમથક આવવા જણાવ્યું હતું. ઘટનાના બીજા દિવસે ગેસ્ટ હાઉસના મેનેજરને ફોન કરી સીબીઆઈ અધિકારીઓએ પતાવટ માટે પાંચ લાખની માંગણી કરી હતી. આ માંગણી અંગે મેનેજરે નરોડા પોલીસને જાણ કરતા આ સીબીઆઈ અધિકારીઓ અને ગેસ્ટ હાઉસમાં રોકાયેલા અને મળવા આવેલા બંને કપલો એક જ ગેંગના સદસ્યો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. આરોપીઓએ મેનેજરને ફોન કરી માંગેલી પાંચ લાખની રકમ બાદ પણ ૮ હજાર રૂપિયા પડાવી લીધા હતા.

જો કે આરોપીઓએ ગેસ્ટ હાઉસના માલિક વિપુલ નટવરલાલ પરીખને ફોન કરી ગેસ્ટહાઉસને બદનામ થતા રોકવું હોય તો પાંચ લાખ લઈ દહેગામ સર્કલ રિંગરોડ પર આપી જવા જણાવ્યું હતું. જેથી નરોડા પોલીસે મોડી રાત્રે દહેગામ સર્કલ રિંગ રોડ પર છટકું ગોઠવી બોલેરો ગાડીમાં આવેલા આઠ આરોપીઓને ઝડપી લીધા હતા. ઉલ્લેખનીય છે કે, પોલીસ આરોપીઓને ઝડપવા બાયડ પંથકમાં પણ છાપો માર્યો હતો. અરવલ્લી પોલીસે તપાસ હાથ ધરી સમગ્ર મામલાનો પર્દાફાસ થતા અરવલ્લી જિલ્લાની પોલીસ પણ હરકતમાં આવી ગઈ હતી. જેમાં પોલીસે આ ગેંગે જિલ્લામાં અન્ય કોઈ જગ્યાએ કામકાજ કર્યુ હોય તો તેની પણ વિગતો મેળવવા ચક્રો ગતિમાન કર્યા છે.

## શહેરમાં સ્ટ્રીટ પોલ વહેલા બંધ થતાં લોકો ત્રાહિમામ

અમદાવાદ, તા.૦૪

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગોઠવવામાં આવેલી સિસ્ટમ મુજબ હાલ શહેરમાં સ્ટ્રીટ પોલ વહેલા બંધ થઈ જાય છે. જેના કારણે વહેલી સવારે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. બીજી બાજુ શહેરમાં શિયાળાની ઠંડીની શરૂઆત થતાની સાથે પણ સવાર મોડી પડે છે જેથી સ્ટ્રીટ પોલ અંધકાર હોય ત્યારે જ બંધ થઈ જવાના કારણે વહેલી સવારે પોતાના કામે લાગતા વર્ગ તેમજ બહાર ગામ જતાં લોકો ખુબ જ હેરાન પરેશાન થાય છે. મ્યુનિસિપલ લાઈટ વિભાગના જણાવ્યા અનુસાર હાલ સ્ટ્રીટ પોલના ૨૨૦૦ પૈકી ૨૦૦૦ ટાઈમર મેન્યુઅલી બદલવાની કામગીરી ચાલી રહી છે જે એક અઠવાડીયામાં પુરી કરવામાં આવશે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## ડીસામાં યા હુસેનના નારા સાથે કલાત્મક તાજીયા જુલુસ નિકળ્યા

ડીસા શહેરમાં મોહરમના પર્વે ઠેર-ઠેર તાજીયા જુલુસ નિકળ્યા હતા. જેમાં હજારોની સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા. શહેરભરમાં ભવ્ય તાજીયા જુલુસમાં બિરાદરોએ પોતાના શરીર પર તલવાર, ચાકુ, સાંકળના ઘા ઝીલ્યા હતા તેમજ અંગ કસરતના દિલ ધડક સ્ટંટે લોકોના શ્વાસ થંભાવ્યા હતા. ડીસા શહેરમાં ડોલવાસમાંથી તાજીયા જુલુસ નિકળ્યું હતું. જેમાં મુસ્લિમ બિરાદરોએ માતમ મનાવી શહીદોને યાદ કર્યા હતા. શહેરના વિવિધ માર્ગો પર તાજીયા જુલુસે આકર્ષણ જમાવ્યુ હતુ. જેમાં હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## પેસેન્જરનો સ્વાંગ રચીને ચોરી નેટવર્કનો પર્દાફાશ

રિક્ષામાં પેસેન્જર તરીકેનો સ્વાંગ રચી એકલદોકલ મુસાફરો બેસાડી અને તેના સામાનમાંથી કિંમતી ચીજવસ્તુઓની ચોરી કરવાનું ચલાવવામાં આવતા નેટવર્કનો પર્દાફાશ કરી લેવામાં આવ્યો છે. આ સંદર્ભમાં ક્રાઈમ બ્રાંચે એક મહિલા અને બે પુરુષોને પકડી પાડ્યા છે. ઝડપાયેલા શખ્સોની ઉંડી પુછપરછ કરવામાં આવી છે. પોલીસને મળેલી બાતમીના આધારે આ ત્રણેયને પકડી પાડવામાં આવ્યા છે. ઠક્કરનગર ચાર રસ્તા હોટલ નવજીવન સામેથી તેમને પકડી પાડવામાં આવ્યા છે. ઝડપાયેલી મહિલા મધુ ઉર્ફે રાની ઉર્ફે રઝિયા તરીકે ઓળખાઈ છે જે વાલ્મિકી આવાસ યોજના, નોબેલનગર નરોડાની હોવાનું જાણવા મળ્યું છે જ્યારે બીજો શખ્સ બાબુ મહેમુદ સૈયદ સંતોષીનગર છાપરા, રેલવે સ્ટેશનની બાજુમાં કુબેરનગરનો હોવાનું જાણવા મળ્યુંછે.



ખેડબ્રહ્મામાં શ્રી ઠાકોર મંદિર શ્રી ગાયત્રી પરિવાર તથા શ્રી ગઢડા શામળાજી મંદિર દ્વારા તુલસી વિવાહ મહોત્સવ ભારે ધામધુમ અને ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો હતો. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. ગોરજ સમયે ભગવાન લાલજી તથા તુલસીમાતાનો લગ્નોત્સવ શાસ્ત્રોક્તવિધિથી ભક્તિભાવ પૂર્વક સંપન્ન કરાવવામાં આવ્યો હતો. રાધા-કૃષ્ણ મંદિર દ્વારા યોજાયેલ તુલસી વિવાહમાં તુલસીમાતાના યજમાન તરીકે સોલંકી ભાવનાબા વિક્રમસિંહ તથા લાલજી ભગવાનના યજમાન તરીકે ચોબે ભગવતીબેન ચંદુલાલ અને ગાયત્રી મંદિર દ્વારા યોજાયેલ તુલસી વિવાહમાં તુલસી માતાના યજમાન તરીકે રાવલ પલ્લવીબેન દિનેશકુમાર તથા લાલજી ભગવાનના યજમાન તરીકે ગંગાબેન કનુભાઈ પ્રજાપતિએ લાભ લીધો હતો. તુલસી વિવાહ ઉત્સવમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહી તુલસી માતાને કન્યાદાન કરી ધન્યતા અનુભવી હતી. નવા મારવાડામાં ભાવનાબા સોલંકીએ દિકરી તુલસીજીને ૩૫૦ ગ્રામ ચાંદીના મુગટનું કન્યાદાન કર્યું હતું. ગઢડા શામળાજીમાં તુલસી વિવાહ ઉત્સવ મંગળવારે યોજાયો હતો. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# બનાસકાંઠા ભાજપનું નૂતન વર્ષે સ્નેહમિલન યોજાયું

પાલનપુર, તા. ૪

બનાસકાંઠા જિલ્લા ભાજપનું નૂતન વર્ષ સ્નેહ સંમેલન આજરોજ પાલનપુર ખાતે યોજાયુ હતુ. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરોને નૂતન વર્ષ નિમિત્તે મંત્રીશ્રી રમણભાઈ વોરા તથા ભાજપના આગેવાનોએ નવા વર્ષની શુભકામનાઓ પાઠવી સંગઠનને મજબૂત કરવા અનુરોધ કર્યો હતો.

જિલ્લા ભાજપ પ્રમુખ અને ધારાસભ્ય કેશાજી ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સ્નેહમિલન સમારંભમાં પ્રદેશ મહામંત્રી અને રાજ્ય સરકારના આરોગ્ય વાહનવ્યવહાર વિભાગના મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી ઉપસ્થિત રહી શક્યા ન હોય તેમણે પાઠવેલા શુભેચ્છા સંદેશને જિલ્લા મહામંત્રી હિતેશભાઈ ચૌધરીએ વાંચી સંભળાવ્યો હતો. સ્નેહમિલનને પ્રારંભે પાલનપુર શહેર અને તાલુકાના હોદ્દેદારો દ્વારા ઉપસ્થિત અગ્રણીઓનું કેસરી ખેસ પહેરાવી સ્વાગત કરાયું હતું.

સ્નેહમિલન સમારોહમાં ખાસ ઉપસ્થિત રહેલા જિલ્લાના પ્રભારી અને મંત્રીશ્રી રમણભાઈ વોરાએ સૌ કાર્યકરોને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી અને પાર્ટી માટે દરેક કાર્યકરને સમય આપવા અને સંગઠનને મજબૂત કરવાની સાથે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૦ કરોડ સભ્યો નોંધી વિશ્વ વિક્રમ બનાવવા સેવેલા સ્વપ્ન અને કરેલા આહ્વાનને સાર્થક કરવા અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ સંગઠનની સાથે પેજપ્રમુખો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યુ હતુ અને સદસ્યતા નોંધણીને સફળ બનાવવા આહ્વાન કર્યું હતું.

સ્નેહમિલન સમારોહના અધ્યક્ષ સ્થાનેથી ઉદબોધન કરતા જિલ્લા ભઆજપ પ્રમુખ કેશાજી ચૌહાણે નવા વર્ષની શુભકામનાઓ સાથે વિતેલા વર્ષોમાં શું ખોયું અને શું મળ્યું? તેનું મનોમંથન કરી આગામી વર્ષોમાં શસક્ત ભારત-શસક્ત ભાજપ માટે કામે લાગી શ્રેષ્ઠ ભારતનું નિર્માણ કરવા જણાવ્યું હતું. ભાજપે કેન્દ્રમાં અને વિવિધ રાજ્યોમાં લહેરાવેલા ભગવાનો જશ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને કાર્યકરોની મહેનતને આભારી હોવાનો ઉલ્લેખ કરી પ્રમુખ કેશાજી ચૌહાણે કેન્દ્રની મોદી સરકારે ટુંકા ગાળામાં કરેલા પ્રજાલક્ષી કામો અને મોંઘવારી નાથવા લીધેલા પગલાઓથી કાર્યકરોને વાકેફ કર્યા હતા અને સત્ય વાત પ્રજા સમક્ષ પહોંચાડવા કાર્યકરોને અપીલ કરી હતી. આ પ્રસંગે તેમણે સ્વ. શ્રી લેખરાજ બચાણીને યાદ કરી શ્રદ્ધાસુમન અર્પણ કરવા સાથે માનવી કુળથી નહી કર્મથી જ મોટો બનતો હોવાનું જણાવી જિલ્લાની કેટલીક કડવી વાસ્તવિકતા પણ જણાવી હતી. જિલ્લાની નવ વિધાનસભામાંથી ભાજપ પાસે આજે માત્ર ત્રણ જ બેઠકો છે ત્યારે ત્રણ વર્ષ પછી આવનાર વિધાનસભા માટે આજથી જ સંકલ્પ બદ્ધ બનવા જણાવેલ.

## શબ્દાવલી - ૫૫૫૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | | ■ | ૯ | | |
| | ■ | ૧૦ | | | | | ■ |
| ૧૧ | ૧૨ | ■ | | ■ | | ■ | ૧૩ |
| ■ | | ■ | ૧૪ | ૧૫ | ■ | ૧૬ | |
| ૧૭ | | | ■ | | ■ | ■ | |
| ૧૮ | | ■ | ૧૯ | | ૨૦ | ૨૧ | |
| ■ | ૨૨ | | | ■ | ૨૩ | | ■ |

### આડી ચાવી

૧. ધર્મ, ... નહીં સિખાતા આપસ મેં બૈર રખના (૪)
૫. તુચ્છ, નજીવું (૩)
૮. રાવ, અન્યાય સામેનો પડકાર (૪)
૯. સ્હેજ, થોડુંક (૩)
૧૦. એક ફુલ, કાનનું ઘરેણું(૫)
૧૧. લીન, મગ્ન (૨)
૧૪. થયું, પૂરતું છે જેવો ભાવ(૨)
૧૬. નાના છોડ (૨)
૧૭. નાગ-સાપનું ઘર (૩)
૧૮. બટાકા-દાળ વગેરેના... બને (૨)
૧૯. ઘોર ખોદનારું (૫)
૨૨. ટશિયો, સેર (૩)
૨૩. ઠોઠ, ઝાંખુ (૨)

### ઊભી ચાવી

૧. ઉનનો સ્કાર્ફ, ગળે વીંટળાનું કપડું (૪)
૨. ચમકતા ઝીણા કસબ (૨)
૩. જીવતા હોય તેવા (૩)
૪. ખરાબ ભાગ્યવાળુ (૫)
૫. ખુબસુરત સ્ત્રી (૪)
૬. લાંબા આયુષ્યવાળુ (૬)
૭. રટ, જીદ (૨)
૧૨. તરફડવું તે (૫)
૧૩. ચાર પાનાનું (છાપું) (૪)
૧૫. યાત્રા (૩)
૧૭. સહાયતા માટેની આજીજી (૨)
૧૯. જઘન્ય, ગંભીર (૨)
૨૦. ખામી (૨)
૨૧. હાર્ટ, હૃદય (૨)

### શબ્દાવલી ૫૫૪૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) ખુશનશીબ (૫) અર્થ (૬) શક (૭) તાલીમાર્થી (૯) બોટ (૭) તાલીમાર્થી (૯) બોટ (૧૧) ગાર (૧૨) કડક (૧૪) કોઠાર (૧૫) માલી (૧૬) પરી (૧૮) મહીયર (૧૯) રાવ (૨૦) સતત (૨૧) મેરામણ

**ઊભી ચાવી :-** (૧) ખુશબોદાર (૨) શકટ (૩) શીતાગાર (૪) બલી (૫) અર્થી (૮) માણેકઠારી (૧૦) ડેક (૧૧) ગાફેલીયત (૧૩) ડર (૧૪) કોપ (૧૫) માહીત (૧૭) રાવણ (૧૮) મસ (૧૯) રામ

## કંપની સમાચાર

### મારૂતીએ નવી અલ્ટો કે-૧૦ બજારમાં મુકી

કાર બજારમાં અગ્રણી કંપની મારૂતિ સુઝુકી ઈન્ડિયા લીમીટેડ આજે આકર્ષક અને વધારે માઈલેજ આપતી નેકસ્ટ જનરેશનની (આગામી પેઢી) અલ્ટો કે-૧૦ ત્રણ મોડેલમાં પ્રસ્તુત કરી છે. જેમાં પેટ્રોલ કાર ૩.૧૮ લાખથી ૩.૭૦ લાખ, ઓલ્ટોનીયર રૂ. ૩.૯૪ લાખ અને સીએનજી કારના રૂ. ૩.૯૫ લાખમાં રજુ કરાઈ છે., સ્પોર્ટી અને નવીન દેખાવ સાથેની અલ્ટો કે-૧૦ ખૂબ જ ઈંધણ કાર્યદક્ષ છે અને તે પ્રતિલીટર રૂ. ૨૪.૦૭ કિલોમીટરનું માઈલેજ આપે છે જે અગાઉના કે-૧૦ મોડેલ કરતા ૧૫ ટકા વધારે છે. નવીન અલ્ટો ક-૧૦ માં ચર્ચિત ઓટો ગીયર શિફ્ટ ટેકનોલોજી રજુ કરવામાં આવી છે જે સુવિધાજનક ઓટોમેટિક ટ્રાન્સમિશન પ્રસ્તુત કરે છે અને તે પણ ઓછા ઈંધણના વપરાશ સાથે. તેના સિવાય આ કારમાં ઈન્ટેલિજન્ટ ગેસ પોર્ટ ઈન્જેક્શન (આઈજીવીઆઈ) પર આધારિત સીએનજી લાગેલ છે જે પ્રતિ કિલોગ્રામ ૩૨.૨૬ કિલોમીટરનું (સીએનજી મોડેલ) માઈલેજ આપે છે.

લાખો ગ્રાહકો મેળવ્યા પછી કંપનીએ તેની આ સફળ કારના મોડેલમાં સંપુર્ણ સુધાર/ પરિવર્તન કરવાનો નિર્ણય લીધો જેના પરિણામે નવીન અલ્ટો કે-૧૦ વધારે પહોળી અને જગ્યાવાળી બની છે. ગ્રાહકોની જરૂરીયાતોને પુરી કરતા, અલ્ટો કે-૧૦ હવે પહેલા કરતા વધારે ફયુઅલ ઈફિશિયન્ટ બની છે અને તેની શ્રેણીમાં સૌથી વધારે માઈલેજ ૨૪.૦૭ કિમી. લિ. આપે છે. છેલ્લા કેટલાક સપ્તાહમાં અલ્ટો કે-૧૦ મારૂતિ સુઝુકીની ત્રીજી કાર છે જેની ઈંધણ કાર્યદક્ષતામાં કંપનીના એન્જીનિયર્સ અને સપ્લાયર્સના પ્રયાસોથી નોંધપાત્ર સુધાર થયો છે. પ્રભાવશાળી ઈંધણ કાર્યદક્ષતા સાથે ઓટો શિફ્ટ એ બીજો મોટો લાભ છે. સીએનજી વેરિયન્ટ સાથે ૬ વેરિયન્ટમાં ઉપલબ્ધ અલ્ટો કે-૧૦ મારૂતી સુઝુકીની એન્ટ્રી લેવલની (પ્રવેશ સ્તર) શ્રેણીને વધારે મજબુત બનાવશે અને વધારે નંબર મેળવશે.



ચ-૦ સર્કલ પાસેથી બે સપ્તાહ પહેલા ઝાડીમાંથી આશરે ૫૦ વર્ષનો અજાણ્યો પ્રૌઢ બેભાન અવસ્થામાં મળી આવ્યો હતો. પ્રૌઢને સેક્ટરની પોલીસ દ્વારા સરવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. જેનું ગઈકાલે મોત થઈ જવા પામ્યું છે. અજાણ્યા પ્રૌઢના મૃતદેહને સિવિલ હોસ્પિટલ ખાતેના કોલ્ડ રૂમમાં મુકવામાં આવ્યો છે. અને સેક્ટર-૭ પોલીસે વાલી વારસની શોધખોળ હાથ ધરી છે.

## તાજીયા જુલુસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દીદી, નગરના અગ્રણી અરૂણ બૂચ, નિશિત વ્યાસ, મુકેશ પટેલ તેમજ પ્રવિણ પટેલ સહીતના આગેવાનોએ તાજીયા જુલુસનુ ભવ્ય સ્વાગત કર્યુ હતુ.

તાજીયા જુલુસમાં ૭ ઊંટલારી, મીની ટ્રક, છોટાહાથી સહીત ૨૦ જેટલા નાના-મોટા વાહનો જોડાયા હતા. ચ-૫ પાસે યાસિન મન્સુરી તેમજ મહમ્મદ ઘાંચીએ રોઝા ખોલવાનો ઈન્તજામ ગોઠવી શરબત પીરસ્યું હતું.

આ ઉપરાંત સે. ૨૮માં પણ દૂધ કોલ્ડ્રીંગની વ્યવસ્થા કરવામાં આવી હતી. સે. ૨૧ મસ્જિદ પાસે યાસિન વોરાએ તાજીયા જુલુસમાં જોડાયેલા ભાઈ-બહેનો માટે શરબત-દૂધ કોલ્ડ્રીંકની વ્યવસ્થા કરી હતી જ્યારે સે. ૩૦ ચાર રસ્તા પાસે ઈકબાલ દીવાને પણ શરબતની વ્યવસ્થા કરી હતી. જુલુસના સંચાલનમાં દરીયાખાન સિપાચી, વલી મહંમદ મીયાણા, ઈમામશા દિવાન, ફીરોઝ બલોચ, ઉમરશા દિવાન, પ્રમોદભાઈ મનસુરી, બાબુભાઈ મનસુરી, યુસુફભાઈ મનસુરી અને આઝાદ મનસુરીએ જહેમત ઉઠાવી હતી.

## સિંગાપોર સ્ટ્રેટેજી.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાથે તથા રાજયના યોજનાકીય ખર્ચની મર્યાદામાં યોગ્ય રીતે અમલમાં મૂકીને જરુરી પ્રગતિ કરી શકાય. ઈન્ફર્મેશન ટેકનોલોજી માઈક્રો ઈલેકટ્રોનીક એન્ડ ઈલેકટ્રોનિક સિસ્ટમ મેન્યુફેકચરીંગ એન્ડ મટીરીયલ્સ ટેકનોલોજી એનર્જી વોટર એનવાયરમેન્ટ એન્ડ રીસોર્સીસ બાયોટેકનોલોજી ફુડ એન્ડ એગ્રો ટેકનોલોજી મેડીકલ સાયન્સના ક્ષેત્રોમાં ઈનોવેશન માટેની ચોકકસ સ્ટ્રેટજી અપનાવી શકાય તેવું મંતવ્ય વ્યકત કર્યું હતું. આ પ્રેઝન્ટેશન બાદ સરકારે શિક્ષણ અને વિજ્ઞાન અને પ્રોદ્યોગિક વિભાગને ચર્ચા કરીને સિગાપોરમાં અપનાવેલી સ્ટ્રેટજી ગુજરાતમાં જરુરી ફેરફારો સાથે કઈ રીતે અખત્યાર કરી શકાય તે અંગે વિચારણા કરવા અને અભ્યાસ કરવા સૂચના આપવામાં આવી છે.

## આવશે અચ્છે દિન ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સોનાનો ભાવ ગગડશે. યુએસ ઈકોનોમીમાં આવે તો સુધારો પણ સોનાના ભાવ ઘટવા પાછળનું કારણ ગણી શકાય. લગ્નોની સીઝન હવે શરૂ થઈ છે. આગામી જાન્યુઆરી-ફેબ્રુઆરી માસમાં ઘણા લગ્નો યોજાશે ત્યારે ઘણા પરિવારો હાલમાં સોનું કે સોનાના દાગીના ખરીદવાનું પ્લાનીંગ કરી રહ્યા છે. જો તેઓ થોડાક દિવસથી રાહ જુએ તો વધુ ફાયદો થઈ શકે છે. સોનામાં રોકાણ કરવાનો પણ આ શ્રેષ્ઠ સમય છે. વૈશ્વિક સ્તરે છેલ્લા કેટલાક સમયથી સોનુ-ચાંદી અને ક્રુડ ઓઈલના ભાવોમાં ઘટાડો થયો છે જેનો સીધો લાભ ગ્રાહકોને મળી રહ્યો છે. સોનાના ભાવોમાં ઘટાડો આવતા જવેલર્સની દુકાનોમાં ઘરાકી જોવા મળશે તેવી શકયતાઓ છે.

## સુશાસન આપવા કટિબદ્ધ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તપસ્યા થકી આજે ગુજરાતમાં સુશાસનની દિશામાં સરકાર આગળ વધી રહી છે. તેમણે જણાવ્યુ કે, ભાજપનું સંગઠ્ઠન પર્વ આવી રહ્યુ છે ત્યારે ગાંધીનગર શહેરમાં વોર્ડ કે બુથને લક્ષ્ય નહિ પણ દરેક ઘરમાંથી એક સભ્ય બને તે રીતે આગળ વધીએ. પર્વો અને ઉત્સવો હંમેશા નવી ઉર્જા આપે છે અને એટલે જ ભાજપે ઉત્સવો અને પર્વોને તેના અંગ બનાવ્યા છે. આપણે દિપાવલીના પર્વથી નવી ઊર્જા મેળવી છે. હવે સંગઠ્ઠન પર્વની ઉજવણી પણ નવી ઊર્જા સાથે કરીએ.

આ સ્નેહમિલન સમારોહમાં જિલ્લા સંગઠ્ઠનના પ્રભારી દુષ્યંતભાઈ પટેલ, કે.સી. પટેલ, રમીલાબેન બારા, ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, ખાદી બોર્ડના ચેરમેનશ્રી વાડીભાઈ પટેલ, બક્ષીપંચના અગ્રાણી શ્રી ભગવાનદાસ પંચાલ, ધારાસભ્યોશ્રી પૂનમભાઈ મકવાણા અને શંભુજી ઠાકોર તથા મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવે, કાઉન્સીલરો શ્રી કાર્તિક પટેલ, શ્રીમતિ રમીલાબેન પરમાર, શ્રીમતિ જાગૃતિબેન પુરોહિત, શ્રીમતિ પરાગીબેન પંડ્યા, શ્રી સુરેશ મહેતા, દર્શનાબેન અડાલજા, શંકરભાઈ ચૌધરી, શ્રીમતિ હંસાબેન મોદી, મહિલા મોરચાના શ્રીમતિ દીનાબેન ભટ્ટ, પૂર્વ શહેર પ્રમુખ શ્રી રુચિર ભટ્ટ, નાગરિક પુરવઠા નિગમના ડિરેક્ટર ભારતીબેન, યુવા મોરચાના સત્યદીપસિંહ, રણછોડભાઈ રથવી સહિતના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.